# શહેરમાં ઠંડીનુ જોર વધ્યુ

**લઘુત્તમ તાપમાનમાં ૪ ડીગ્રીની ગિરાવટ : ઠંડીનો પારો ૧૨.૮ ડી ગ્રીએ પહોંચ્યો એક જ રાતમાં ઠંડીના પ્રમાણમાં નોંધપાત્ર વધારો : સાંજ ઢળતા જ ઠંડીનો ચમકારો અનુભવતા નગરજનો ગરમ કપડામાં લપેટાયા**



ગાંધીનગર તા ૭

હરિયાળા ગાંધીનગરમાં હજુ ઠંડીની મોસમ નિખરી નથી. ઠંડીના પારામાં રોજબરોજ ચઢઉતર જોવા મળી રહી છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૬.૬ ડી ગ્ર નોંધાયુ હતુ જયારે આજે ઠંડીમાં ૪ ડી ગ્રીનો તફાવત જોવા મળ્યો છે. તાપમાનમાં ફેરફાર થતા આજે નગરજનોએ સાંજ ઢળતા જ ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો. રાત્રિના સમયે પણ શહેરીજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા.

શહેરમાં ઠંડીની મોસમ હજુ જોઈએ તેવી જામી નથી. અલબત્ત ગુલાબી ઠંડીનો માહોલ બરકરાર છે. પરંતુ ગાત્રો થીજાવતી ઠંડીનો અહેસાસ હજુ નગરજનોએ કર્યો નથી. ઠંડીના પારાની વધઘટ વચ્ચે રોજબરોજ મોસમનો મિજાજ બદલાતો જોવા મળે છે. જયારે દિવસે અને રાત્રિના સમયે નગરજનોએ પંખો ચલાવાની જરૂર હજુ જણાંય છે. ગત મહીના દરમિયાન સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. ઠંડીનો પારો ૧૧ ડી ગ્રી સુધી પહોંચી ગયો હતો. જેના લીધે નગરજનોએ આકરી ઠંડી અનુભવી હતી. જો કે ત્યારબાદ ઠંડીનો મિજાજ હળવો થતા છેલ્લા કેટલાક દિવસોથી વહેલી સવારે અને રાત્રિના સમયે નગરજનો ગુલાબી ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. પરંતુ ઠંડીની માસમ હજુ જામતી નથી. ડિસેમ્બર મહીનાના પ્રારંભથી વાદળિયા વાતાવરણ વચ્ચે પવન ફુંકાતા નગરજનોએ ગરમ કપડા પહેરવાની જરૂરીયાત ઉભી થઈ છે. જયારે લઘુત્તમ તાપમાન ગઈકાલ સુધી ૧૬.૬

● અનુસંધાન પાન-૭ પર

## માણસામાં બે દિવસમાં બે હજારથી વધુ બોરી મગફળી ખરીદાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં માણસા ખાતે મગફળીની ખરીદી માટે નવુ કેન્દ્ર શરૂ કર્યાના આજે પૂર્ણ થયેલ બે દિવસમાં જ બે હજારથી વધુ બોરી મગફળીની ટેકાના ભાવે ખરીદી થઈ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ત્રીસ હજાર જેટલી બોરી મગફળીની ખરીદી દહેગામ અને માણસા કેન્દ્ર પરથી થઈ હોવાનું જાણવા મળેલ છે.

ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરાયા બાદ આ સપ્તાહથી ખેડૂતોને ચુકવણીની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. ૨જી તારીખ સુધીમાં જેમની મગફળી ખરીદવામાં આવી છે તેવા ખેડૂતોને ચુકવણી થઈ ગઈ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લામાં મગફળીની ખરીદીની પ્રક્રિયામાં ગતિ આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ ખરીદ પ્રક્રિયા ઝડપથી સંપન્ન થશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં મગફળીનું વાવેતર ગત વર્ષની તુલનામાં ૧૨૦૦ હેક્ટર જેટલુ વધુ થયુ હતુ પરંતુ વરસાદ ઓછો થતાં ગત વર્ષનું સરેરાશ ઉત્પાદન જળવાઈ રહેશે તેવો અંદાજ છે.




## નગરના ક-માર્ગની સુધારણાનુ કામ ૨.૭૧ કરોડના ખર્ચે હાથ ધરાશે

ગાંધીનગર તા ૭

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે આ કામગીરી અન્વયે રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરાયુ છે. જેમાં માર્ગો પર થર્મોપ્લાસ્ટના પટ્ટા તેમજ કેટ આઈ લગાવાની

**વાઇબ્રન્ટને અનુલક્ષી નગરના માર્ગોની કાયાપલટ કરવા માટે કામગીરી તેજ**

કામગીરી પણ હાથ ધરાઈ છે. મહાત્મા મંદિર સાથે જોડાયેલા નગરના ખ માર્ગનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. જયારે નગરના ક માર્ગની સુધારણાનુ કામ પણ ટુંકમાં હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૨.૭૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરના ક માર્ગનુ પણ સરફેસીંગ કરવામાં આવશે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં વિવિધ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. શહેરમાં માર્ગ સુધારણા ઉપરાંત માર્ગો પર થર્મોપ્લાસ્ટના પટ્ટા તેમજ કેટ આઈ લગાવવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. નગરના ખ માર્ગને પણ ચકાચક કરવા માટે કામગીરી ચાલી રહી છે જયારે ખ માર્ગ પર અમુક ભાગનુ વાઈડનીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. વાઈબ્રન્ટ સમિટ પુર્વે માર્ગોને ચકાચક બનાવવા માટે પુરોજોશમાં કામગીરી હાથ ધરવામાં આવે છે. જયારે આ વર્ષે માર્ગ સુધારણા અન્વયે બાકી કામોને અનુલક્ષી અગાઉથી જ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે સેકટરોમાં હાલ માર્ગ સુધારણાની કામગીરી તેજ ગતિએ હાથ ધરાઈ છે. સેકટરોના આંતરિક

● અનુસંધાન પાન-૭ પર

# પેપર લીક કેસમાં વધુ બે સૂત્રધારોના નામ ખુલ્યા..!

**યશપાલ અને ઇન્દ્રવદન દસ દિવસના રિમાન્ડ ઉપર : રાજેન્દ્રના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર : લીક થયેલા પેપરના જવાબો કોઈ મહેન્દ્ર બોડાણા અને અશ્વિન રાજપુત નામના શખ્સો પાસેથી મેળવી હોવાનુ ખુલ્યુ : ઈન્ટ્રોગેશન ચાલુ**

ગાંધીનગર, તા. ૭

લોકરક્ષક પેપર લીક કૌભાંડમાં ગાંધીનગર પોલીસે અત્યાર સુધીમાં એક મહિલા અને એક પીએસઆઈ સહિત ૧૧ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. જેમાં ભાજપના બે કાર્યકર્તાઓ ઉપરાંત પરીક્ષામાં બેસનાર ઉમેદવારોનો સમાવેશ થાય છે. પોલીસે ગઈકાલે જે ત્રણ આરોપીઓ પકડાયા તેમની પૂછપરછમાં બહાર આવ્યું છે કે લીક થયેલા પેપર ના જવાબો તેમને કોઈ મહેન્દ્ર બોડાણા અને અશ્વિન રાજપુત નામના શખ્સોએ આપ્યા હતા. આ બન્ને શખ્સોના નામ ખુલતા પોલીસે તેમની વધુ વિગતો બહાર લાવી ધરપકડ કરવા માટે વધુ પૂછપરછ શરૂ કરી છે. ગઈકાલે પકડાયેલા ત્રણેય આરોપીઓને વધુ પૂછપરછ માટે પોલીસે ત્રણને કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. કોર્ટે યશપાલ અને ઈન્દ્રવદનના દસ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે જ્યારે રાજેન્દ્રના પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

ગાંધીનગર પોલીસે ગઈકાલે ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. અત્યાર સુધી જેને પોલીસ મુખ્ય સૂત્રધાર માની રહી હતી તે યશપાલ ઠાકોર ઉર્ફે યશપાલ સોલંકી ઈન્દ્રવદન નામના શખ્સનો ફોલ્ડર હોવાનું ખુલ્યું હતુ. ઈન્દ્રજીત ના કહેવાથી યશપાલ ઈન્દ્રવદનના ખર્ચે જ દિલ્હી ગયો હતો અને લીક થયેલા પેપરના જવાબો એક કાપલીમાં લખીને વેફરના પેકેટમાં ગુજરાત લઈ આવ્યો હતો. યશપાલ ગુજરાત આવ્યો ત્યારબાદ તેણે ઈન્દ્રવદન અને મનહર પટેલ ઉપરાંત યશપાલ નરેન્દ્ર સોલંકી નામના વ્યક્તિઓને જવાબની

● અનુસંધાન પાન-૭ પર

### ઈન્ટ્રોગેશનમાં વધુ એક યશપાલનું નામ ખૂલ્યું

ગાંધીનગર પોલીસે ગઈકાલે ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી જેમાં રાજેન્દ્રસિંહ વાઘેલા ઉપરાંત ઈન્દ્રવદન પરમાર અને યશપાલ ઉર્ફે શશી જશવંત ઠાકોર (સોલંકી)નો સમાવેશ થાય છે. પોલીસે ત્રણેય આરોપીઓની પૂછપરછ શરૂ કરતા વધુ એક યશપાલ સોલંકીનુ નામ ખુલ્યુ છે. ગઈકાલે પકડાયેલા યશપાલ ઉર્ફે શશી ના ઈન્ટ્રોગેશનમાં બહાર આવ્યું છે કે તે દિલ્હીથી લોકરક્ષકના લીક થયેલા પેપર ના જવાબો લખીને પરત ગુજરાત આવ્યો ત્યારે તેણે ત્રણ વ્યક્તિઓને આ જવાબો ની કોપી આપી હતી. જેમાં એક તેના આકા ઈન્દ્રવદન, ભાજપના કાર્યકર મનહર પટેલ અને ત્રીજા યશપાલ નરેન્દ્ર સોલંકી નામના વ્યક્તિઓને જવાબો લખેલી કોપીઓ આપી હોવાનું તેણે કબૂલ્યું છે. આ પકડાયેલા યશપાલે બીજા કયા યશપાલ સોલંકીને કોપી આપી તે પોલીસ માટે તપાસનો વિષય બન્યો છે અને પોલીસે તે દિશામાં તપાસ પણ શરૂ કરી દીધી છે.

## કૃષિ ઈનપુટ સહાય માટે ખેડૂતને તંત્રના ભરોષે છોડવાનો નિર્ણય દુ:ખદ : કિસાનસેના

ગાંધીનગર, તા. ૭

ગુજરાત સરકારે જે ૪૫ તાલુકામાં કૃષિ ઈનપુટ સહાય આપવાનો નિર્ણય કર્યો છે તે આવકારદાયક જરૂર છે પણ આ અંગે તંત્રના ધક્કે ખેડૂતોને હડસેલવાનો નિર્ણય બરાબર નહિ હોવાનું કિસાન સેનાના મહામંત્રી શિવરામભાઈ ચૌધરીએ આજે એક નિવેદનમાં જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ છે કે અરજી સાથે ૭/૧૨ના ઉતારાની નકલ માંગી છે પણ પાણીપત્રકના આધારે આ ઉતારા તૈયાર કરાતા હોય છે. જિલ્લાના સંખ્યાબંધ ગામોમાં પાણીપત્રક છેલ્લા ત્રણ વર્ષથી બન્યા જ નથી. જેથી ઘણી બધી જગ્યાએ જુની નોંધ સાથે જ ઉતારાની નકલો છે.

ખરીફ વાવણીની નકલો તૈયાર કરાઈ નથી એટલુ જ નહિ ખેડૂતને નવી નોંધ કરાવવા જાય એટલે બે થી ત્રણ દિવસનો સમય સામાન્ય રીતે તંત્રમાં પસાર થતો હોય છે અને ધક્કા જુદા થાય.

ખેડૂતો મગફળી કે અન્ય ઉત્પાદનો ટેકાના ભાવે વેચવા માટે લાઈનમાં ઉભો રહેશે કે પછી એન્ટ્રીઓ કલીયર કરાવવા તંત્રની કચેરીઓના ધક્કા ખાશે. ખેડૂતને તંત્રને ભરોષે છોડી દેવાની નીતિ યોગ્ય નથી.

જિલ્લામાં તલાટીની ખાલી જગ્યાઓ ૫૦થી પણ વધુ છે આજે પણ તલાટીઓ જે તે સેજામાં નિયમિત મળતા નથી ત્યારે ખેડૂતને ફાળે ધક્કા સિવાય કશુ રહેતુ નથી. સરકારે ખેડૂતોને સહાય માટે જે દસ્તાવેજી પુરાવા માગ્યા છે તે જ બતાવે છે કે સરકાર સહાય આપવાને બદલે ખેડૂતનું શોષણ વધુ થાય તેમ ઈચ્છી રહી છે.



શક્તિવર્ધક ફળ - શિયાળામાં ગ્રામીણ વિસ્તારોમાં કોઠાની બોલબાલા વધતી હોય છે... શહેરી જીવનમાં ચટણીમાં વિશિષ્ટ ઉપયોગ થાય છે... પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં તો કોઠાને સીધેસીધુ સ્વાદસભર બનાવીને બાળકો અને યુવાનો ખાતા હોય છે... તબીબી વિજ્ઞાનમાં વીટમીન-સી હોવાનું કોઠામાં જણાય છે.. સામાન્ય રીતે શિયાળાનું ફળ પણ ગણવામાં આવે છે...

## હવે ઝડપથી મંજૂરી નહિ મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીશ : બેચરજી ઠાકોર

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકાના રાયસણ ગામે પ્રાથમિક શાળાના જર્જરિત થયેલા ઓરડા ઉતારી લેવા માટેના નિર્ણયને લઈ બે મહિનાથી પણ વધુ સમય પસાર થયો હોવા છતાં તંત્રની ઉદાસીનતાને લઈ ગ્રામજનોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.


જિલ્લા પંચાયતના સદસ્ય બેચરજી ઠાકોરે જણાવ્યુ કે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં બે-બે વાર આ પ્રશ્નનને લઈ ધારાસભ્યોની રજુઆત પછી પણ તંત્ર બાઈ-બાઈ ચારણી જેવુ વલણ અખત્યાર કરી રહેલ છે તે યોગ્ય નથી.

છ માસથી શાળાના બાળકોને બેસાડવાની વૈકલ્પિક જગ્યાનું ભાડુ પણ ભરપાઈ કરવામાં આવી રહ્યું છે. વિકાસની વાતો માત્ર કાગળ પર કરવામાં આવે છે. ગાંધીનગરથી ૮ કિ.મી.ના અંતરે આવેલ ગામના બાળકોના પ્રશ્ને આ સ્થિતિ છે તો અન્ય જિલ્લામાં શું હશે તે કલ્પના જ કરવી રહી.

તેમણે જણાવ્યુ હતુ કે ગ્રામજનોએ આ મુદ્દે છેલ્લા એક વર્ષથી સતત રજુઆતો કરી છે. જો સમયસર આ મંજૂરી આપી દેવામાં આવી હોત તો કદાચ આજે નવુ સંકુલ પણ તૈયાર થઈ ગયુ હોત પણ કાગળ પર વહીવટીય અખાડાઓ કરવા સિવાય તંત્રને પ્રજાના પ્રશ્નો ઉકેલવામાં રસ નથી.

આ ગામ તાલુકા પંચાયતના પ્રમુખનું પણ ગામ છે અને તેઓ ભાજપના છે છતાંય આવુ ઓરમાયુ વર્તન હજુ ગ્રામજનોને સમજમાં આવતુ નથી. તેમણે કહ્યું કે જો આ અંગે ઝડપથી નિર્ણય લેવામાં નહિ આવે તો તેમને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે.


**બેસણું (રૂપાલવાળા)**



અમારા પૂજ્ય દાદાશ્રી
જયંતિલાલ કેશવલાલ શાહ (રૂપાલવાળા)
તા. ૦૬-૧૨-૨૦૧૮ ને ગુરુવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે
સદ્‌ગતનું બેસણું તા. ૦૯-૧૨-૨૦૧૮ને રવિવારે સવારે ૮.૩૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ: ૮૮૮, આદર્શનગર (કોમન પ્લોટ), પીળોપટ્ટો, સેક્ટર-૨૪, ગાંધીનગર. M. 8780981835
સ્વ. કમળાબેન જયંતિલાલ શાહ
લિ.
સ્વ. પ્રકાશભાઈ જયંતિલાલ શાહ
ધવલ પ્રકાશભાઈ શાહ
સ્વ. યોગેશકુમાર જયંતિલાલ શાહ
વિરાજ યોગેશકુમાર શાહ
ગં.સ્વ. કુસુમબેન પ્રકાશભાઈ શાહ
હિરલ નિકુંજકુમાર બેંકર
ગં. સ્વ. નીરૂબેન યોગેશકુમાર શાહ
જીનલ આનંદકુમાર ભાવસાર

ગાંધીનગરમાં સૌપ્રથમ વાર
અમે લાવી રહ્યા છીએ... પાસપોર્ટ ફોટા હવે ઘરે બેઠા
RED STUDIO
Schedule Your Appointment
+91 8866 32 35 67
+91 7572 88 92 51
MANAGED BY RED SMILE ENTERTAINMENTS
10% Off All Wedding Packages
Passport Photos | Videography | Photography | Video Editing Work
Ad Film | Documentary Film | Online Marketing
redgallery.in RED SMILE ENTERTAINMENTS
104, 1st Floor, Prarambh Plaza, Sector - 06, GANDHINAGAR

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

કેપિટલ ઓફસેટ®
www.capitaloffset.in
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

હવે, શહેરની મધ્યમાં...
The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food at
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ (A.C Restaurant)
MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com